dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

October-November 2016 | For private circulation only | Vol. 08 - Issue 181-84

देखता हूं में दीप को
और खुद में झांकता हूँ
छूट पडता है पसीना
और बेहद भाँपता हूँ

एक तो जलते रहो
और फिर अवचिल रहो
काश में भी दीप होता

झुंझता अंधियार से
धन्य कर देता धरा को
ज्योति के उपहार से

**बाल कवि वैरागी**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

નૂતન વર્ષના અભિનંદન

આ સમગ્ર વરસ સરસ જીવાય તેવી અંતરમનની શુભકામનાઓ !!

જૂનું વરસ પસાર થઈ ગયું છે. એના દુઃખદ સ્મરણોને ભૂંસી દઈએ. દાટી દઈએ ઊંડે ઊંડે. ફરીવાર એનો ફણગો ન ફટે તે રીતે ગઈકાલના સૂરજ ડૂબવાની સાથે સાથે ગઈકાલ સુધીનું અણગમતું બધું જ ડૂબી ગયું છે તેમ માની લેવાનું. નવા વરસના પગલાં પડી રહ્યા છે. સુખદ ઘટનાઓ, સ્વજનો અને મિત્રોના વહાલને સંગોપીને રાખી મૂકીએ. એકબીજા પ્રત્યે આદર-સ્નેહ રાખીએ. 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' એવી ભાવના અંતરમાં પ્રગટાવીએ. બહાર પ્રગટાવેલા દીવા તો પ્રતીક છે. અંધકારને દીવાઓ અજવાળે છે. અંદર એકાદ દીવો પ્રગટાવીએ. દુરાચાર, ઈર્ષા, અહમ્, અનીતિ, અભિમાન, અસત્ય, અશિવ, કલુષિતતા, વિષાદ, વહેમ, ગ્લાનિ અને એવા બીજા અનેક દુર્ભાવોના અંધકારણને અંદરના દીવાના અજવાસથી ભગાડી મૂકી ચિત્તની સમગ્ર ચેતનામાં સદ્ભાવોનું વાવેતર કરવાનો સંકલ્પ કરીએ; અથવા કરેલા સંકલ્પને ઉછરવા, ઉઘડવા દઈએ.

પ્રકાશના આ ઉત્સવમાંથી જો આપણે આટલું ન શીખીએ તો ધૂળ જીવ્યા ? પશ્ચિમના વિદ્વાન સર્જક કાફકાની એક નવલકથાનું નામ છે 'આઉટસાઈડર'. ઘણી વાર આપણે આઉટસાઈડરની જેમ જીવતા હોઈએ છીએ. કશી નિસ્બત વગર જીવનારાઓની સંખ્યા દિવસે દિવસે વધતી ચાલી છે. સ્વાર્થનું આધિપત્ય અંદર જાણે કે, સ્થપાઈ ગયું છે. વાસ્તવિક અને પારદર્શી જીવન જાણે જોજનો દૂર ચાલ્યું ગયું છે. લાઈફના જાણે પીસીસ થઈ ગયા છે. પીસ (Peace) લાઈફમાંથી સવારના ઝાકળ જેમ આવી આવીને અદ્રશ્ય થઈ રહેલ છે. જો આપણે પારદર્શક બની જીવવાનો પ્રયત્ન કરીશું તો પરમાત્મા જરૂર નવા વરસે માર્ગદર્શક બનશે. વર્તમાનમાં જીવીએ અને આવતીકાલની ચિંતા નહીં પણ ચિંતન કરીએ.

નવા વરસના આ દિવસોમાં ટેકનોલોજીના માધ્યમને કારણે એટલી બધી શુભેચ્છાઓનો ધોધ મોબાઈલ સ્ક્રીનમાં લોકો ઠાલવે છે કે, જો એ બધી ફળે તો વિશ્વના ટોપ ટેનની યાદીમાં આપણું નામ આ વરસે આવી જાય !!

એ બધું તો આધારનો તંતુ માત્ર છે. આટલી સમજ પણ કેળવીએ.

તહેવારોના આ વહેવારના કિલ્લાની બહાર આપણે આપણા સંકલ્પબળે નીકળીએ. ઉછીનું-ઉધારનું તેજ લાંબા પ્રવાસી માટે નકામું છે. મોડાસાના ગુજરાતી ભાષાના કવિ ભોગીલાલ ગાંધીની આ પંકિતઓ સૌ કોઈએ કાળજે કોતરી રાખવી જોઈએ. કવિ ભોગીલાલ ગાંધી લખે છે :

"તું તારા દિલનો દીવો
થાને ઓ રે ઓ રે ઓ ભાયા
રખે કદી તું ઉછીના લેતો
પારકા તેજ ને છાયા."

નવા વર્ષે માળીયા કે છાજલી પરથી વસ્તુઓ-વાસણો નીચે ઉતારી સાફ કરીને ચકચકીત કરીને પાછા ગોઠવી દઈએ છીએ. તેમ આપણાં જૂના વિચારો, જૂના સંકલ્પો પર ધૂળ જામી ગઈ હોય ને ઝાંખાપાતળા પડી ગયા હોય તો સાફસૂફ કરી દઈએ તે શાણપણની નિશાની છે. ઉપનિષદમાં લખ્યું છે :

"અસતો મા સદ્ગમય,
તમસો મા જયોતિર્ગમય."

ઊંડા અંધકારમાંથી પરમ તેજ તરફ આપના જીવનની ગતિ થાય તેવી પ્રાર્થના સાથે એક હિન્દીની રચના રજુ કરું છું :

ममता, समता, मानवता का,
हर मन में पुष्प खिलाएँगे ।
शुद्ध करमो के बल पर,
हम जीवन श्रेष्ठ बनाएँगे ।
दुष्ट आचरण की चेष्टा,
है घोर पाप यह सोच हृदय ।
नैतिकता के रास्ते चलकर,
हम धन, वैभव, यश पाएँगे ।
भावों के पुष्प खिलाएँगे,
दीपदान की थाली में ।
ऐसा कुछ संकल्प करें हम,
अब की बार दीवाली में ।

તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૬

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Alumni








યુનિવર્સિટીના સુવર્ણ જયંતિ વર્ષ દરમ્યાન નક્કી થયેલ કાર્યક્રમ અનુસાર યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીના તમામ વિભાગોમાંથી ચુનંદા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને આમંત્રિત કરી સંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું. મુખ્ય મહેમાન તરીકે શ્રી ભાગ્યેશભાઈ જહા ઉપસ્થિત રહયા હતાં. તેઓએ જણાવ્યું હતું કે મનુષ્ય એ પૂંછડી ગુમાવ્યા બાદ વિજ્ઞાનનાં અવિરત વિકાસથી માનવે "મોબાઈલ" પૂંછડી મેળવી તેમણે સ્વરચિત કોમ્પ્યુટર યુગ અંગેની સંસ્કૃતમાં પ્રાર્થના રજુ કરી હતી. આપણી પ્રાકૃત અને માતૃભાષાના વિકાસમાં કટીબધ્ધ થઈ આવનાર પેઢી પ્રત્યે આપનું દાયીત્વ અદા કરવા આહવાન કર્યું હતું. વિશ્વના બદલાવ સાથેનો IT નો અર્થ બદલાતો રહયા છે. IT પહેલા એટલે Income Tax ત્યારબાદ ઈન્ફોરમેશન ટેકનોલોજી અને હાલ ઈન્ટરનેટ ટેરરીઝમ બન્યું છે. સ્મશાન તરફ જતી આપણી માતૃભાષા માટે આપણે વિચારવાનું છે. ૨૦૦-૫૦૦ શબ્દોથી ધનકુબેર થઈ શકાય છે. સતત અધ્યયનથી અને Update થતું રહેવું પડશે સુપ્રસિધ્ધ કટાર લેખક અને ડોકટર એવા મુકુલભાઈ ચોકસીએ પોતાની આગવી છટામાં જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન એ સામાન્ય મેળાવડો નથી. પોતાનાં જ્ઞાનના પાયાથી યુનિવર્સિટી એકેડેમીક એકસેલન્સ તરફ દોરી જવા માટે ભગીરથ કાર્ય થઈ શકે. જયાં ભણેલા લાખો લોકો દ્વારા ચિંતન થાય તો અમૃત જ નીકળે. ભૂતપૂર્વ વિદ્યાર્થીનું મિલન એ ચાર કાળનું ભેગા કરી અને ચિરકાળ માટેના સંક્રાત કરવાનું પ્લેટફોર્મ છે. તેઓએ સ્વરચિત કાવ્યનું પઠન કર્યું હતું અને આહવાન કર્યું હતું કે સુરત યુનિવર્સિટીમાંથી પોતાનું લાયકાત મેળવવાનું તમામ વિદ્યાર્થીઓ પોતાની પારંગતતાનો મારી યુનિવર્સિટીને અને છેવાડાનાં લોકો સુધી પ્રસારિત કરે. કુલપતિશ્રીએ પોતાનાં પ્રવચનમાં જણાવવાનું હતું કે આ સંમેલન પૈસા ભેગા કરવાનું ધ્યેયથી નથી બોલાવાયું, સુરતમાં પૈસાની તંગી નથી પરંતુ વ્યકિતને પોતાની માતૃસંસ્થામાં આમંત્રિત કરી દરેક ભૂતપૂર્વ માટે તે અભૂતપૂર્વ કાર્યક્રમ બને તે માટેનો પ્રવેશ માત્ર છે. પોતાના પગલાથી ધૂળ જોવાનો, પોતા દ્વારા થયેલ પ્રેમ, નફરત અને ધિકકારની લાગણીને મજાળાવવાનો કાર્યક્રમ છે. પોતાની માતૃસંસ્થા માટેનાં લગાવને દ્રઢીભૂત કરવાનો અને ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ સિવાયનાં 'કોલેજ કાળ' ની આપ-લે ને લે-આપનાં વિચારોથી સમૃધ્ધ થાય તે માટે આપ સૌ સાક્ષી તરીકે આવ્યા છે. જેમ પ્રસાદમાં તુલસીપત્ર છે. તેમ યુનિવર્સિટી માટે ફળદ્રુપ તંત્ર છે. તેમાં આપના વિચારોના બીજનું રોપણ થાય અને ખ્યાતનામ વટવૃક્ષ બને તે જ માત્ર ઉદ્દેશ હોઈ શકે. ઉપકુલપતિશ્રી ભાસ્કરભાઈ રાવલે જણાવ્યું હતું કે સૌ સાથે સંવાદની અપેક્ષા છે. બીજા રોપાણથી થયેલ વટવૃક્ષ પર પંખીનો કલરવ ઉમેરાય તો સંસ્થા જીવંત અને ઉદાહરણરૂપ બને. યુનિવર્સિટી શબ્દ છે. પણ પોતાના આગ્રહ, દુસગ્રહ કે હઠાગ્રહથી ઉપર ઉઠીને વ્યકિતનો યુનિવર્સિટી સાથેનો જીવંત સંબંધ બંધાય. જે યુનિવર્સિટીના ભવિષ્યનાં વિકાસમાં આ અનુભવોથી આગળ વધી શકાય. આ વૈચારિક યાત્રાને આપણે સૌ સાથે મળીને આગળ વધારીએ. રવિન્દ્રનાથ ટાગોરના વિચારનાં 'મુકતમન' થી સૌ સાથે આગળ વધીએ. ત્યારબાદ શહેરના જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકીયાએ પોતાની લાક્ષણીક અદામાં જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અભૂતપૂર્વ કામ કરશે. સામાન્ય રીતે અનુકુળ પૂર્વ કામ કરવામાં ૯૯% લોકો એવું માને કે આપણાથી આ ન થાય. ૧% લોકો જ આપણાથી જ થાય તેવું વિચારે છે. અને તે અદભૂત રીતે કરી શકે છે. જેનું ઉદાહરણ મારી કંપની છે. દુનિયામાં ચાલતી બાબત હોય તો તે વિચારશકિત છે. વ્યકિત પોતાનાં સ્વભાવ સ્વીકાર, વિચાર, વાણી અને વર્તનથી વિકાસ પામી શકે. યુનિવર્સિટી આપણું નાક કહેવાય. તેને સૌ બુધ્ધિજનો ભેગા મળી કાર્ય કરો સમાજને બતાવશો તો નાણા આપનારા સામેથી આવશે. કારણ વગર કાર્ય બનતું નથી. આ સંમેલને તે કારણ ઉભુ કરી આપ્યું છે. કાર્યક્રમની રૂપરેખા આપી અને આભાર વિધી ડૉ. કિશોરભાઈ પોરીયાએ કરી હતી. બપોર બાદનાં સેશનમાં વિદ્યાર્થીમંડળનું નામકરણ, બંધારણની વિશેષ ચર્ચા અને મંડળના રજીસ્ટ્રેશન, માળખું, ભવિષ્યનાં કાર્યક્રમો, એના માટે સંકલન અને પ્રસારણ વગેરે બાબતો પર વિશદ ચર્ચા થઈ હતી અને કામચલાઉ માળખુ ઉભુ કરવામાં આવ્યું હતં. તેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીનાં પ્રતિનિધિ તરીકે નવ વ્યકિતઓની નિયુકિત કરવામાં આવી હતી. જેમાં (૧) દવે વંદનાબેન, (૨) ડૉ. મુકેશ વસાવા, (૩) ડૉ. શ્રીધર નિમાવત, (૪) ડૉ. પરીમલ પટેલ, (૫) ડૉ. પરેશ પારેખ, (૬) રાજીવ શાહ, (૭) મયુરીબેન વાડીયા અને (૮) રૂપેશ દવે અને ગણપત ધામેલીયા. આ ઉપરાંત પ્રસારણ, રેકોર્ડ કીપીંગ અને આગામી કાર્યક્રમો માટેની ત્રણ સમિતિ રચવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન રેણુકાબેન ગર્ગની અધ્યક્ષતામાં સમિતિનાં સભ્યો ડૉ. કિશોર પોરીયા, ડૉ. વિપુલ સોમાણી, ડૉ. દીપીકાબેન શાહ, ડૉ. કેશવ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થી બહેનો દ્વારા એલ્યુમની એસોશીયેશનનો વિધિવત પ્રારંભ દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવ્યો હતો.

## AISHE





માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ : ૨૦૧૦-૧૧થી શરૂ કરવામાં આવેલ ઉચ્ચ શિક્ષણ અંગે All India Survey on Higher Education (AISHE) અંતર્ગત ૨૦૧૬-૧૭ના સર્વે માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોએ તેઓની કોલેજની માહિતી માટે DCF-II નિયત સમયમર્યાદામાં **AISHE**ની વેબસાઈટ પર અપલોડ કરવું અનિવાર્ય છે. સદર સર્વે અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ માહિતીનો સરકારશ્રી દ્વારા વિવિધનીતી-વિષયક નિર્ણયો/નીતિ તૈયાર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી સર્વે અંતર્ગત DCF-IIમાં દર્શાવવામાં આવેલ માહિતી સંપૂર્ણ સાચી હોવી અત્યંત જરૂરી છે. જેથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના નોડલ ઓફિસરો માટે જિલ્લા પ્રમાણે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જે સંદર્ભે ભરૂચ અને નર્મદા જિલ્લાનો તાલીમ કાર્યક્રમ તા. ૪-૧૦-૧૬ના રોજ સવારે ૯ થી ૧૧ તેમજ સુરત અને તાપી જિલ્લાનો બપોરે ૩ થી ૫ કલાક સુધી તથા નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા નગર હવેલી જિલ્લાનો તાલીમ કાર્યક્રમ તા. ૫-૧૦-૧૬ના રોજ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

સુરત અને તાપી જિલ્લાનો તાલીમ કાર્યક્રમ યુનિવર્સિટી કેમ્પસ ખાતે તા. ૪-૧૦-૧૬ના રોજ માનવ સંસાધન વિકાસ ભવન સેમિનાર હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. તાલીમ કાર્યક્રમ પ્રસંગે ઉપકુલપતિશ્રી ડૉ. બી.એમ. રાવલ તથા કાર્યકારી કુલસચિવશ્રી એ.વી. ધડુક ઉપસ્થિત રહયા હતા. યુનિવર્સિટી નોડલ ઓફિસરશ્રી એચ.ડી. વાઘેલા દ્વારા યુનિવર્સિટી સંલગ્ન સુરત અને તાપી જિલ્લાનાં નોડલ ઓફિસરોને AISHEની કામગીરીના મૂલ્યાંકન તથા તેની અગત્યતા જણાવી હતી. ઉપકુલપતિશ્રી ડૉ. બી.એમ. રાવલ દ્વારા નોડલ ઓફિસરોને ટેકનોલોજીથી માહિતગાર થઈ કાર્યદક્ષતામાં વધારો કરવા જણાવ્યું હતું તથા સૌના સાથ-સહકારથી ઓલ ઈન્ડિયા સર્વેની સૌથી સારી કામગીરી કરવાની આશા વ્યકત કરી હતી. રાજયના AISHE Cellના સ્ટેટ નોડલ ઓફિસરશ્રી આર.કે. શાહે નોડલ ઓફિસરશ્રીઓને AISHEના વિવિધ પાસાઓની ઝીણવણભરી માહિતી આપી હતી. તાલીમ કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ સંલગ્ન કોલેજોના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

## Ph.D.

(Notifications received in the University Library during 3rd February 2016 to 23rd May 2016)

**Aquatic Biology**

1. Bhagat, Divyesh D. **Studies on Microbial aspects of Pulp and Paper Industries.** (Guide: Dr. P.V. Desai).
2. Dange Suchita P. **Studies on the Benthic Communities of Riverine and Estuarine Zone of Purna River, Navsari, Gujarat.**(Guide: Dr. Kapila Manoj).
3. Desai Jalpa Jaspal. **Antimicrobial Activity of Some Plant Extracts on Salmonella Species.** (Guide: Dr. P.V.Desai).
4. Monika Dubey. **Pollution Load Assessment in Tapi River, Gujarat.** (Guide: Dr. N.C. Ujjania). Bioscience (Microbiology)

**Chemistry**

5. Arora Dipti T. **The Influence of Consumption Values on Automobile Brand Choice.** (Guide: Dr.Martina Noronha).
6. Belim Mohsin A. **Synthesis and Characterization of Some Unsaturated Polyester Resins Based on Piperazine Derivatives.** (Guide: Dr. K.C. Patel).
7. Deshani Pramodkumar V. **Understanding Consumers' Adoption and Satisfaction Towards Internet Banking (I-Banking): A Study of Public Private and Foreign Sector Banks in Surat and Ahmedabad Cities in Gujarat.** (Guide: Dr.Martina Noronha).
8. Goyani Mukeshkumar R. **Comparative Analysis of Profitability and Liquidity of Selected Diamond Companies in India.** (Guide: Dr.K.N. Chavda).
9. Patel Neeta D. **Synthesis and Characterization of Unsaturated Polyester Resins Containing s - Triazine and Epoxy Derivatives.** (Guide: Dr. K.C. Patel). Commerce/C.A.& I.M.
10. Patel Pritikumari C. **Synthesis, Characterization and Dyeing Performance of Dyes Based on 2-Amino 5-Substituted Thiazoles and 2-Amino 5-Methyl-1-3-4-Thiadiazole.** (Guide: Dr.G.M.Malik)
11. Thakor Darshan M. **Fundamentals and Technical Analysis of Equity Shares (A Study of Selected Banks).** (Guide: Dr.Kumudini Thakor).

**Education**

12. Ahir, Dhansukhbhai J. **Gujarat Rajya ni Madhyamik Shikshak-Talimi Collegona Aacharyoni Kathao: Ek Gunatmak Abhyas.** (Guide: Dr. Vinodbhai G. Patel).
13. Parmar Anishaben M. **The Composition and Effect of Inductive Thinking Models for Teaching Mathematics to the Students of Standard 11th of Science Stream.** (Guide: Dr.J.P.Gohil).
14. Tandel, Jimi B. **Dhoran-11 na Rasayanshastra Vishay na Adhyayan ma On-Line Mahiti Karyakram ni Asarkarakta : Ek Proyaogatmak Abhas.** (Guide: Dr. Vinodbhai G. Patel).

**English**

15. Patel Krishna I. **Engagement in History in Seamus Heane y's Poetry.** (Guide: Dr.Rakeshbhai Desai).

**Gujarati**

16. Desai Manisha T. **Gujarati Navalkathaoma Purakalpan (Pasand Kareli Ketlik Krutiona Sandarbhey).** (Guide: Dr.Jashubhai Patel).
17. Mali Himrashmi R. **Shri Sathish Vyas na Natako ma Charitra Lekhan aney Sangarsh Aalekhan.** (Guide: Dr. Jashubhai Patel).
18. Patel,Kamleshbhai B. **Gujarati Baal Sahitya-Ek Abhyas .**(Guide: Dr.Nareshbhai Shukla).
19. Rathod Ghanshyamsinh B. M**y Dear Jyu aney Manohar Trivedini Vaartaoma Gramchetna.** (Guide: Dr.Nareshbhai Shukla).
20. Tank Nimubahen S. **Gujarati Dalit Navalkathaoma Paatronu Nirupan-Ek Abhas.** (Guide: Dr.Rujutaben Gandhi).

**Management**

21. Dhimar Mitulkumar G. **A Research on Difference in Consumer Buying Behavior of Rural Customer and Urban Customer with Special Reference to South Gujarat Region for Consumer Durable Goods.** (Guide: Dr.V.B.Patel).
22. Manrekar Pradipnarayan P. **Innovative Idea based Entrepreneurship in First Generation Entrepreneurs A study Across Service (Informal Education) Sector and Manufacturing (Speciality Chemical ) Sector in Maharashtra**. (Guide: Dr. Vinodbhai B. Patel).
23. Patel Baxiskumar I. **A Study of Services Quality Assessment of BBA College Affiliated VNSGU in South Gujarat Region.** (Guide: Dr.V.B.Patel).
24. Patel Vatsal B. **Aquaculture Management and Current State of Shrimp Farming Practices in Choryasi and Olpad Taluka of Surat District.** (Guide: Dr.V.B.Patel).
25. S. Velchamy. **Comparative Study of Leadership Styles, Effectiveness and Motivational Correlates of Public and Private Sector.** (Guide: Dr. Vinodbhai B. Patel).

**Mathematics**

26. Jain Nita R. **Group Transformation Treatment for Engineering Boundary Value Problems** (Guide: Dr.M.G.Timol).
27. Pandya Bhavinee M. **Legender Spline Collocaton Methods to Solve Integro Differential Equations and its Applications.** (Guide: Dr.D.C. Joshi).
28. Patel Vandanaben R. **Some Aspects of Various Generalized Fibonacci Sequences.** (Guide: Dr. D.V.Shah).
29. Tailor Bhavikaben M. **Quantitative and Qualitative Feedback Analysis Through Mathematical Tools and Techniques.** (Guide: Dr.D.C. Joshi).

**Medicine**

30. Sheikh Mohammediliyas I. **Tri Phenyl Tetrazolium Chloride Staining of Cardiac Muscles in Sudden Death Cases.** (Guide: Researcher has done his Ph.D. research work as a Self Guide).

**Pharmaceutical Science**

31. Bodiwala Kunjan B. **Development and Validation of Stability Indicating Methods for Estimation of Antidiabetic Drugs.** (Guide: Dr. S.A. Shah).

**Physical Education**

32. Debananda Chakraborty. **Multi-Variate Analysis of Selected Physical, Physiological and Anthropometric Parameters of Gujarati and Marathi Sports Women in Kabbadi and Kho-Kho.** (Guide: Dr.C.B.Kagathara).

**Sanskrit**

33. Dharane Meghana K. **'Matsyapurama' na Aakhyano ane Upakhyano- Ek Samikshatmak Adhyayan.** (Guide: Dr. Shobhna N. Solanky).
34. Panchal Geetaben T. **Mahapuranoma Tirth Mahima Ek Tulnatmak aney Samikshatmak Adhyayan.** (Guide: Dr.Mayuriben Bhatia).
35. Vasava Jagdishbhai I. **Pramukh Dharmsutro Tatha Smrutigranthoma Dand aney Prayashit Vidhan : Ek Adhyayan.** (Guide: Dr.Mayuriben Bhatia).

**Statistics**

36. Patel Swati B. **Usage of Statistical Applications and Its Secular Change in Bio-Medical Research.** (Guide: Dr. V.D. Naik).

## M.Phil.

(Notifications received in the University Library during 25th February to 25th May 2016)

**Bioscience**

1. Patel, Dimpalben B. Th**e preliminary study of phytochemicals analysis, antibiacterial activity and bioautography guided screening of antibacterial compounds product by enicostemma littorale blume.** (Guide: Dr. Mayuri Rathod).
2. Patel, Ritizaben R. **Heavy metals from aqueous solution by bacteria staphylococcus SPP and bacillus SPP.** (Guide: Dr. S.K. Tank).
3. Tamukuwala Tanvi V. **Production of economical viable product from waste materials using microorganisms.** (Guide: Dr. Gaurav Shah).

**Chemistry**

4. Desai, Khushbuben B. **Studies on synthesis of pyraolone based acid dyes and their dyeing performance on various fibres.** (Guide: Dr. K.C. Patel).

**Commerce/Accountancy**

6. Kahar, Nikita M. **A study on customer satisfaction towards the services provided by General Insurance Companies in Surat city with respect to vehicle insurance.** (Guide: Dr. Mehul P. Desai).
7. Lotwala Mohit A. **Job satisfaction of teaching faculties: A comparative study of grant-in-aid commerce colleges and self-finance colleges of Surat city, affiliated to Veer Narmad South Gujarat University.** (Guide: Dr. Ashish K. Desai).
8. Patel, Mohitkumar P. Analysis of financial statement- A study of the selected plastic companies in Gujarat State. (Guide: Dr. K.N. Chavda).
9. Patel Nayana G. **Comparative study of selected financial statement of the Surat Peopl's Co-operative Bank Ltd.** (Guide: Dr. Rupali A. Shah).
10. Shah, Mehulkumar B. **Financial statement analysis: A comparative study of GNFC Ltd and GSFC Ltd.** (Guide: Dr. K.N.Chava).

**Economics**

11. Bhoy Jitubhai K. **Evaluation of "Antyodaya Anna Yojana" in Gandevi taluka of Navsari district.** (Guide: Dr. Kirti M. Zankharia).
12. Pandya, Parul D. **Socio-economic status of slum dwellers of Surat city.** (Guide: Dr. Dilip P. Varsani).

**Education**

13. Ahir, Mitalben J. **Dhoran-6na angreji vishayma kavyana adhyapan matey workcard sahityani rachana aney teni asarkarakta.** (Guide: Geetaben A. Patel).
14. Dhakan, Sadhnaben P. **Surat jillani madhyamik shalaone dhoran-9na vidhyathionu shikshako paratvenu manovalan.** (Guide: Dr. Vinodbhai Patel).
15. Naik, Rinaben M. **Vigyan aney technology vishayma 'Brahamnd' ekam par computer karyakramani asarkarkta.** (Guide: Dr. Ummed Singh).
16. Parmar, Shital H. **Pandit Satvalekar Swadhyay Mandal, Killa Pardi : Ek vyakti abhyas.** (Guide: Dr. Ashvini M. Kapadia).
17. Patel, Dharmeshkumar R. **Dhoran-9na ganit vishyana 'Prushthafal aney ghanfal' ekamna adhyapan maey bahuayam sanputni rachna aney asarkarkta-ek abhyas.** (Guide: Dr. Geetaben A. Patel).
18. Patel, Tarunkumar M. **Surat jillani madhyamik shalaona vidhyarthioney bhumitina adhyayanma nadti samshyaono abhyas.** (Guide: Mangalbhai B. Vasava).

**Electronics**

19. Tandel, Hiteshkumar R. **Design and development of the protection circuit for the AC induction motor.** (Guide: Dr. V.G. Joshi).

English

20. Desai, Dhara S. **Travel across cultures: A critical study of selected travelogues of Samanth Subramanian and Bishwanath Ghosh.** (Guide: Dr. Mihir Mori).

**Gujarati**

21. Chaudhari, Navinbhai R. **Manilal Patel ni vartao: Vishayvastugat abhyas.** (Guide: Dr. Sharifaben Vijliwala).
22. Jani, Avani J. **Dalpat Chauhan na ekankio ek abhyas.** (Guide: Dr. Rekhaben Bhatt).
23. Patel, Amikakumari T. **Digish Maheta na nibandho ma batanprem: Ek abhyas.** (Guide: Dr. Jabshubhai Patel).
24. Patel, Hemlataben D. **Prayogshil natyakar Satish Vyas: Ek abhyas.** (Guide: Dr. Dinkarbhai Tandel).
25. Patel, Rahulkumar J. **Kakasaheb Kalelkar na videsh pravas ('Ugamano desh Japan' aney 'Purva Africa' pravashgranthona khas sandarbhey).** (Guide: Dr. Chetankumar B. Modi).
26. Vahia, Shantilal S. **Ramchandra Patel na nibandh sangrhono en ebhyas ('Suraj adadho suko adadho lilo chando' temaj 'Mati aney mobh'na sandarbh ma.**(Guide: Dr. Maheshbhai Patel).

**History**

27. Patel, Nileshkumar R. **Sankri Swaminarayan sansthani pravruti dwara Bardolo talukana adivasioma aavela parivartano: Ek aitihashik abhyas.** (Guide: Dr. H.Y. Kharvasiya).

**Library and Information Science**

28. Dhimmar Chandrika M. **Shri Sayaji Vaibhav Sarvajanik Pustakalaya aney Shri Narendra Parekh Gyandham, Navsari sanlagna sheri pustakalayo: Ek sarvekshan.** (Guide: Dr. Seema Shukla).
29. Topiwala, Hetal P. **Center for Social Studies, Surat matey institutional repositorynu bhavi aayojan: Ek abhyas.** (Guide: Dr. Seema Shukla).

**Management**

30. Desai, Cheta P. **Factors influencing investment decisions of working women investors with special reference to Surat city.** (Guide: Jaydipbhai Chauadhari).

**Mathematics**

31. Patel, Gautamprasad V. **The semi analytic method for solution of linear partial differential equations: Method of lines.** (Guide: Dr. Kaushal B. Patel).

**Psychology**

32. Pandit, Kavitaben N. **Valsad jillana tarunoma prayavaniya vartan aney prayavarniya jagritata angey vividh paribalona sandarbhama tulnatmak abhyas.** (Guide: Dr. Jyotiben S. Joshi).

**Sanskrit**

33. Chaudhari, Hemangini R. **Maitrayani Upanishad-Ek samikshatmak adhyayan.** (Guide: Dr. Bhavna J. Champaneri).
34. Joshi Jagrut N. **Pramukh dharmasutroma kartavyo aney adhikaro: Ek adhyayan.** (Guide: Dr. Ritaben M. Trivedi).

**Sociology**

35. Gamit, Danielbhai V. **Manregana labharthiono samajshastriya abhyas.** (Guide: Dr.M.N.Gayakwad).
36. Gamit, Sumirbhai D. **Adivasi samajma dharmno samajshastriya abhyas.** (Guide: Dr. Parvez A. Abbasi).

# કોલેજ ન્યૂઝ

## એન.એસ.એસ.

ઈનરવ્હીલ કલબ ઓફ વાપી દ્વારા, શ્રીમતી સી.ડી. જોબાલીયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર. આચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપીમાં મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંખ, દાંત અને જનરલ ચેકઅપના નિષ્ણાંત ડોકટર્સ દ્વારા ૧૫૦ વિદ્યાર્થીઓનું ચેકઅપ કરવામાં આવ્યું. આંખના ડોકટર શ્રી વિમલ બારીયા અને ડૉ. અજીત ઉગળેએ સેવા આપી હતી. ડૉ. કિરન પરમાર અને ડૉ. ધુતિ ચાસિકે બહેનોને ગાયનેક પ્રોબ્લેમ અંગે લેકચર આપ્યું હતું અને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી આપી હતી અને ડૉ. નિમેશ બત્રાએ ડેન્ટીસ્ટ તરીકે સવા આપી હતી. આ પ્રસંગે ઈનરવ્હીલ કલબના પ્રેસીડેન્ટ શ્રીમતિ પ્રીતિબેન મહેતા હાજર રહયાં હતાં. ઈનરવ્હીલના સેક્રેટરી શ્રીમતિ અર્ચનાબેન પૂરોહિત અને અન્ય સભ્યો હાજર રહયા હતા. એન.એસ.એસ.ના ૫૦ વોલેન્ટિયરે

વ્યવસ્થાની કામગીરી કરી હતી. આ કેમ્પના આયોજનમાં આચાર્યશ્રી ડૉ. એચ.એ. દેસાઈનો સાથ સહકાર રહયો હતો.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢાના એન.એસ.એસ. યુનિટ દ્વારા નાનાપોઢા મુકામે યોજાયેલ ૬૭મો વનમહોત્સવ અને આમ્રવન લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત લગભગ ૧૫૫૦૦ જનમેદનીને ઉત્કૃષ્ટ સેવા પૂરી પાડવામાં આવી. ઉપરોકત કાર્યક્રમ નાનાપોંઢા મુકામે માનનીય મુકયમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે તા. ૩૦-૭-૧૬ના રોજ યોજાયો હતો. પ્રાંત અધિકારીશ્રી પ્રજપતિ, ટી.ડી.ઓ. શ્રી કનુભાઈ, મામલતદારશ્રી કિરીટભાઈના માર્ગદર્શન હેઠળ તથા ઈન્ચાર્જ આચાર્યની દોરવણી હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા કે. ગોહિલ, પ્રા. અલકાબેન પટેલ તથા પ્રો. એચ. જે. પટેલ, પ્રો. એ.જે. ઠાકોરના નેતૃત્વ હેઠળ ૮૩ સ્વયંસેવકોએ લોકોને પ્રાથમિક જરૂરિયાતોની વ્યવસ્થા અંગે માહિતી પૂરી પાડવી તથા સભામાં બેસવાની વ્યવસ્થા, સમજાવવામાં, ગોઠવણમાં ખડે પગે સેવા આપી ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યું હતું. એન.એસ.એસ. દ્વારા દાદરા-નગર હવેલીના દૂધની મુકામે "ગૌદાન" કાર્યક્રમ યોજાયો. શ્રી લાલજી વેલજી શાહ ગૌશાળા તથા વલસાડ, પાંજરાપોળ (એન્કરવાળા)ના ટ્રસ્ટીશ્રી અનિશભાઈ રોઠિયા, ડૉ. કમલકુમાર કર (એન.એસ.એસ. રીજિયોનલ ડાયરેકટર, ગુજરાત રાજય), સેલવાસ જિલ્લા પંચાયતના સભ્યશ્રી શીતલબેન ખરપડિયા, શ્રી સંજયભાઈ, દૂધની ગ્રામ પંચાયતના સભ્યશ્રી સરિતાબેન ભૂરકુંડ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. પહાડી અંતરિયાળ વિસ્તારમાં કુલ ૩૪ વાછરડાંઓ ખેતી માટે જરૂરિયાતમંદોને પૂરાં પાડવામાં આવ્યા. આ અગાઉ અહીં દૂધની મુકામે બે ગૌદાનના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કુલ ૫૯ "ગૌવંશ" જીવ દ્વારા દૂધની વિસ્તારના, લોકોને ખેતીમાં મદદરૂપ થવાનો યશ 'ગૌશાળા'ના ટ્રસ્ટીશ્રીઓને ફાળે જાય છે. મોટાપોંઢા કોલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવકો જરૂરિયાતમંદોને શોધી ડ્રો સિસ્ટમ દ્વારા આ કાર્યક્રમ કરી એન.એસ.એસ.ના મૂળ ઉદ્દેશ સમાજસેવા દ્વારા રાષ્ટ્રની સેવાના ઉત્થાનમાં ઉત્કૃષ્ટ ભૂમિકા નિભાવવી. જે સુપેરે અદા કરી રહયા છે. આ કાર્યક્રમનું આયોજન જે.કે. મંડળ મોટાપોંઢાના પ્રમુખશ્રી કેતનભાઈ પટેલ ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. આર.એલ. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા ગોહિલ તથા પ્રા. અલકાબેન એચ. પટેલે કર્યું હતું. એન.એસ.એસ. યુનિટ ઉપક્રમે તા. ૧૮-૭-૧૬ના રોજ વૃક્ષારોપણ સલાહકાર સમિતિની મીટિંગ તથા ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયા. ઈન્ચાર્જ આચાર્યશ્રી આર.એલ. પટેલના અધ્યક્ષપણા હેઠળ આયોજિત આ કાર્યક્રમોનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા ગોહિલ તથા પ્રા. અલકાબેન એચ. પટેલ દ્વારા થયું હતું. ઉપરોકત કાર્યક્રમમાં સલાહકાર સમિતિના સભ્યો તથા સરકારી કોલેજ ખેરગામના પ્રિ. ડૉ. સંજયભાઈ પટેલ, કપરાડા તાલુકાના વિકાસ અધિકારીશ્રી કનુભાઈ કે. પટેલે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વિવિધ જાતિના કુલ ૮૩૦ જેટલાં રોપાંઓ વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યા. સાથે જ થોડાં મહાનુભાવોને હસ્તે કોલેજ કેમ્પસમાં રોપવામાં આવ્યાં. એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૧૬-૯-૧૬ના રોજ માનવ કલ્યાણ ટ્રસ્ટ-નવસારી સંચાલિત અંધજન શાળા તથા શારીરિક વિકલાંગ બાળકોની શાળા 'પ્રજ્ઞામંદિર' (મુ. શિવારીમાળ જિ.ડાંગ)ના આચાર્યશ્રી આર.એલ. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા કે. ગોહિલ, પ્રા. નર્મદાબેન એન. પરમાર તથા ૪૯ સ્વયંસેવકો સાથે મુલાકાત લેવાઈ હતી. અંધજનશાળાના આચાર્યશ્રી ભરતભાઈ વાયા સાથે વાર્તાલાપ યોજાયો. જેઓ પ્રજ્ઞાચક્ષુ છે. એમણે પોતાના જીવનની વાતોથી સ્વયંસેવકોને પ્રેરક સંદેશાઓ પૂરાં પાડયા. 'જે પ્રજ્ઞાચક્ષુ ભણે છે એમને વાંચી સંભળાવવામાં મદદરૂપ થજો' સ્વયંસેવકોએ આ સંદેશાને ઝીલી જરૂર પડયે સાકાર કરવાનો સંકલ્પ કર્યો હતો. શ્રી ભરતભાઈ દ્વારા સંસ્થાની વિગતે માહિતી જાણવા મળી. અંધજનો તથા વિકલાંગોને પડતી મુશ્કેલીઓ તથા તેમની વિશિષ્ટતાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા અંધજન દિન નિમિત્તે સ્વયંસેવકો દ્વારા એકત્રિત કરાયેલો ફાળો ઉપરોકત સંસ્થાને આપવામાં આવ્યો હતો.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૯-૮-૧૬ના રોજ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના ઉપક્રમે બીજા અને ત્રીજા વર્ષના તથા એમ.કોમ.ના તમામ વર્ગના વિદ્યાર્થીઓ માટે રકતદાન મોટીવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ રકતદાન કેન્દ્રમાંથી ડૉ. અભિષેક મિસ્ત્રી તથા શ્રી હેમાંશુ ઠકકર વિદ્યાર્થીઓને રકતદાનનું મહત્વ તથા રકતદાન કરવાથી તથા ફાયદાઓ સમજાવવા માટે ઉપસ્થિત રહયા હતા અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં રકતદાન કરે તે માટે તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં નવસો જેટલા વિદ્યાર્થીઓને રકતદાન વિષે વિશેષ જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમનું વ્યવસ્થાપન ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું. તા. ૯-૮-૧૬ના રોજ પ્રિ. ડૉ જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ગીત-સંગીત નૃત્યધારા અને એન.એસ.એસ.ના સંયુકત ઉપક્રમે દેશભકિતીગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ઓગણીસ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે સ્પર્ધકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ સ્પર્ધામાં કુ. ભૂમિકા ઢિમ્મર પ્રથમ ક્રમે, કુ. સ્વીટી પરમાર દ્વિતીય ક્રમે તથા કુ. વૈશાલી નાંઢા અને શ્રી અંકુર સોલંકી તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે શ્રીમતિ ખ્યાતિ ઉપાધ્યાય તથા ડૉ. મીનાક્ષી જરીવાલાએ સેવા પૂરી પાડી હતી. તા. ૧૧-૮-૧૬ના રોજ એન.એસ.એસ. અને રેડરિબન કલબ અંતર્ગત વલસાડ રકતદાન કેન્દ્રના સહયોગથી કોલેજની લાયબ્રેરી ખાતે એક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્દ્ઘાટન આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પમાં ૩૯ જેટલા વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન એન.એસ.એસ.ના સ્વયંસેવકોની કામગીરી ઉત્સાહપૂર્વકની અને સરાહનીય રહી હતી. આ કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ તથા પ્રોગ્રામ ઓફિસરો ડૉ. દક્ષા જી. ઠાકોર, પ્રો. વી.આર. ચાંપાનેરી તથા પ્રો. એમ.એ. મુલ્લાની રાહબરી હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. તા. ૧૫-૮-૧૬ના ધ્વજવંદન કાર્યક્રમ બાદ એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રેરણા અને ઉત્સાહ વધારવા કોલેજના આચાર્યશ્રી પ્રિ. ડૉ. જે.એમ. નાયક તથા ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ હાજર રહયા હતા. લો કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.ટી. દેસાઈએ પર્યાવરણ રક્ષણ પર ભાર આપી વૃક્ષારોપણનું માહાત્મ્ય સમજાવ્યું હતું. આર્ટ્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. જી.એમ. બુટાણી, દોલત-ઉષા ઈન્સ્ટીટયુટના આચાર્યશ્રી ડૉ. પંકજભાઈ દેસાઈ, આચાર્યશ્રી પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વૃક્ષારોપણનું મહત્વ સમજાવ્યું હતું. દરેક આચાર્યોએ પ્રોગ્રામ ઓફિસરો તથા વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રા. વી.આર. ચાંપાનેરી, પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોર તથા પ્રો. એમ.એ. મુલ્લાએ કર્યું હતું. તા. ૬-૯-૧૬ના રોજ આચર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત કોલેજના

વિદ્યાર્થીઓએ એક દિવસીય અધ્યાપકની ભૂમિકા અદા કરી. કુ. રાજવીએ ગુરુવંદના કરી વિદ્યાર્થીઓને જરૂરી માહિતી આપી હતી. આ જ દિવસે છેલ્લા દસ વર્ષ દરમ્યાન કોલેજને પોતાની સેવા આપી નિવૃત્ત થયેલા પ્રા. અઈ.એફ. પટેલ, પ્રા. આર.યુ. પટેલ, પ્રા. બી.એન. દેસાઈ, પ્રા. ડી.આર. પરીખ, પ્રા. સુશીલાબેન દેસાઈ, ડૉ. મીનાબેન શાહ, પ્રા. ઉષાબેન પટેલ તથા ડૉ. રશ્મિબેન દેસાઈનું આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે, પ્રા. આર.પી. પટેલે, ડૉ. દક્ષા ઠાકોરે તથા પ્રા. એમ.એ. મુલ્લાએ શાલ ઓઢાડીને અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે આવકાર પ્રવચન આપતા આચાર્યશ્રીએ એક દિવસીય શિક્ષકોને આદર્શ શિક્ષકની ભૂમિકા સમજાવી શિક્ષક કેમ સન્માનીય છે તે બાબત સમજાવી હતી અને નિવૃત્ત અધ્યાપકોનો કોલેજ સાથેનો કાયમી નાતો સંભાર્યો હતો. આ સમારોહમાં ઉપસ્થિત મહેમાનોનું તથા વિદ્યાર્થી શિક્ષકોનું પણ પુસ્તક પુષ્પથી અભિવાદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી શિક્ષકોએ સ્પષ્ટ શૈલીમાં પોતાના અભિપ્રાયો આપતા અલગ અલગ ભૂમિકામાં પોતાના અધ્યાપકો દ્વારા જોવા મળતો વિદ્યાર્થી પ્રત્યેનો લગાવ અને પ્રેમની અનુભુતિ ઉપસ્થિત શ્રોતાજનો સાથે વહેંચી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ કુ. વૈષ્ણવી નાંઢા અને કુ. મિરઝાએ કર્યું હતું. આભારવિધિ પ્રા. એમ.એ. મુલ્લાએ આટોપી હતી. અંતે રાષ્ટ્રગાન સાથે આ ઉજવણી સંપન્ન થઈ હતી.

● વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સપ્તધારાના સમુદાય સેવા ધારા અંતર્ગત એન.એસ.એસ. યુનિટની વિદ્યાર્થિનીઓ દ્વારા તા. ૩૧-૭-૧૬ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાવિહાર પ્રાથમિક શાળા, બીલપુડી, ધરમપુર ખાતે આચાર્યાશ્રી ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં જરૂરિયાતમંદ ગામવાસીઓને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન અને સામાજિક દુષણો જેવાકે વ્યસન, સ્ત્રીભ્રૂણ હત્યાની વિરુધ્ધમાં રેલી કાઢી લોકોને બેટી બચાવો બેટી પઢાઓ પ્રત્યેય જાગૃત કરીને માનવ મુલ્યો પ્રેરીત એક ઉત્કર્ષ પ્રયાસનું દ્રષ્ટાંત પૂરું પાડયું હતું. સમગ્ર કાર્યનું સંચાલન એન.એસ.એસ. યુનિટના કો-ઓર્ડિનેટર શ્રી તેજલ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

● એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં એન.એસ.એસ.ના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમમાં કોલેજ કેમ્પસમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના મંત્રીશ્રી મુકેશભાઈ મહેતા, કોલેજના આચાર્યાશ્રી ડૉ. ભારતીબેન પંચોલી, પ્રોગ્રામ ઓફિસર પ્રા. વાય.જે. દેસાઈ, પ્રોગ્રામ ઓફિસર પ્રા. એસ.એસ. વસાવા અને વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

## વ્યાખ્યાન

તા. ૨૭-૬-૧૬ના રોજ વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સપ્તધારાની જ્ઞાન ધારા અંતર્ગત શ્રી અજય જાંગીડ, રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ અને હયુમન રાઈટ્સના સરકાર એકટીવીસ્ટ અને ટ્રેનર, એન.સી.પી.આર.ઈ.ના માર્ગદર્શન હેઠળ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટના ઉપયોગની જાગૃતિ માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં એમણે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટના ઉદ્દેશ્ય અને અધિકારોનું જીવનમાં મહત્વ સમજાવી આર.ટી.આઈ. અરજી ફાઈલ કરીને કેવી રીતે વિરોધ કરવો જોઈએ અને તેનો પ્રતિભાવ કેવી રીતે મળે એ વિષે માર્ગદર્શન પૂરું પાડયું હતું. એમણે મહિલાઓ માટે આ એકટ એમના જીવનમાં કેવી રીતે ઉપયોગી અને મહત્વપૂર્વ નીવડશે એ વિશે વિદ્યાર્થિનીઓને જાગૃત કર્યા હતા. ડૉ. અભિલાષા અગ્રવાલે શ્રી અજય જાંગીડનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. નંદા બોથરાએ કર્યું હતું.

## વિશ્વ વસ્તી દિન

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૧૧-૭-૧૬ના રોજ વિશ્વ વસ્તીદિન નિમિત્તે સામાજિક પ્રવૃત્તિના એક ભાગરૂપે વસ્તી નિયંત્રણ અંગે જનજાગૃતિ લાવવા રેલીનું આયોજન આચાર્યાશ્રી ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. રેલી કોલેજ કેમ્પસથી રાજમાર્ગ પર કાઢવામાં આવી હતી. રેલીમાં તાલીમાર્થીઓએ વસ્તી નિયંત્રણના પોસ્ટરો લઈ વસ્તી નિયંત્રણ સંબંધી સૂત્રોચ્ચાર કર્યા હતા. કોલેજના તમામ અધ્યાપકગણે પણ જોડાઈને રેલીને સફળ બનાવી હતી.

## સેમિનાર

તા. ૧૯-૭-૧૬ના રોજ વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં "એન્ટી-રેગીંગ અને એન્ટી-સેકશુઅલ હેરેસમેન્ટ" વિષય પર ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ, સપ્તધારાની જ્ઞાન ધારા અંતર્ગત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામાજિક કાર્યકર્તા શ્રીમતી ગીતા શ્રોફે મહિલાઓ અને ખાસ કરીને યુવાન છોકરીઓ સાથે થતું જાતીય શોષણ વિષે જાગૃત થવા વિસ્તૃત સમજ આપી તી. એમણે રેગીંગ વિષે પણ વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વ્યવસાયિક જીવનમાં થયેલ અનેક દાખલાઓ અને અનુભવો સાથે જાતીય શોષણથી રક્ષણ આપતા કાયદાઓ કેવી રીતે ઉપયોગી છે તે સમજાવ્યું હતું.

## વિદાય




કોલેજ ઓફ એજ્યુકેશન દમણમાં તા. ૧૨-૭-૧૬ના રોજ વય મર્યાદાના કારણે નિવૃત થયેલ પ્રિ. ડૉ. બાબુભાઈ એફ ટંડેલ તેમજ ડૉ. ગુલાબભાઈ આર. પટેલની સેવાઓને બિરદાવવા તેમજ તેમને શુભેચ્છા પાઠવવા શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પ્રિ. ડૉ. જે.એમ. નાયકના અધ્યક્ષપક્ષા હેઠળ શ્રી માછી મહાજનના હોલમાં વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં શ્રી માછી મહાજનના ટ્રસ્ટીશ્રીઓ, બી.એડ્. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. દિપીકાબેન મહેતા, અગ્રગણીય સભ્યો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. સેક્રેટરી શ્રી હરજીભાઈ ટંડેલ તેમજ એજયુ. સોસાયટીના સભ્યોએ પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી, મોમેન્ટો આપી તેમનું બહુમાન કર્યું. વિદાયના આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા તેમના આગળના જીવન માટે શુભેચ્છાઓ પાઠવી. નિવૃત આચાર્ય અને આધ્યાપકે પોતાની સેવાના વર્ષો દરમિયાન થયેલા તેમના અનુભવોને ખુબ જ માર્મિક શૈલીમાં વ્યકત કર્યા હતા. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે નિવૃત્તી પછી વ્યકિતએ કેવી રીતે પ્રવૃત્ત રહેવું ઉંમરથી માણસ નિવૃત્ત થાય છે પણ મનમાં જો ઉલ્લાસ હોય તો તે કયારેય નિવૃત્ત થતો નથી. તાલીમાર્થીઓએ વિદાયગીત ગાઈ સૌને ભાવ-વિભોર કરી દીધા. કાર્યક્રમનું સંચાલન ડૉ. ગીતા પટેલે કર્યું હતું. સમારંભનું આયોજન ઈન્ચાર્જ આચાર્ય ડૉ. દીપિકાબહેન મહેતાએ કર્યું હતું. અંતે રાષ્ટ્રગીત સાથે આ વિદાય સન્માન સમારંભનું સમાપન કરવામાં આવ્યું.

## ગ્રંથાલય

કોલેજ ઓફ એજયુકેશન, નાની દમણમાં પ્રિ. (ડૉ.) દિપીકાબેનના માર્ગદર્શન તળે પ્રથમ સત્રની શરૂઆતમાં તાલીમાર્થીઓ લાઈબ્રેરીનું મહત્વ સમજે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાઈબ્રેરીયન શ્રી મુકુંદ પટેલ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા લાઈબ્રેરી અંગે સમજુતી આપી સમાજના વિકાસ તેમજ તાલીમાર્થીઓના વિકાસ શું ભાગ તે વિશેની સમજૂતી આપી ત્યારબાદ ૨૫૦ જેટલા વિવિધ વિષયના પુસ્તકોનું અને સામયિકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. તાલીમાર્થીઓ માટે બૂક માર્ક બનાવવાની સ્પર્ધા પણ રાખવામાં આવી હતી તથા મોટી દમણ ડીસ્ટ્રીક લાઈબ્રેરીની મુલાકાત પણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન ગ્રંથપાલશ્રી મુકુંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## અભયમ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૨૭-૭-૧૬ના રોજ ૧૮૧ 'અભયમ' હેલ્પલાઈન અંગે નવસારી જિલ્લા ૧૮૧ 'અભયમ' હેલ્પલાઈનના ફાલ્ગુનીબેન અને ટિવંકલબેને માહિતી આપી હતી. બહેનોનો તેમજ ૧૮૧ 'અભયમ' હેલ્પલાઈનનો સંક્ષિપ્ત પરિચય આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે આપીને ૧૮૧ અભયમ હેલ્પલાઈનની આજના સમયમાં પ્રસ્તુતતા સમજાવી હતી. ત્યારબાદ ફાલ્ગુનીબેને અને ટિવંકલબેને ૧૮૧ 'અભયમ' અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમને 181 Mobile Application Install કરવા દરેક તાલીમાર્થી બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં તાલીમાર્થી બહેનો દ્વારા પ્રશ્નોત્તરી રસપ્રદ થઈ હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. ગાયત્રીબેને કરી હતી.

## ઉજવણી

- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૨૪-૮-૧૬ના રોજ સાહિત્યકાર વીર નર્મદની જન્મજયંતિ પ્રસંગે ઉજવણીનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વીર કવિ નર્મદ જેવા અર્વાચીન સાહિત્યકારની ૧૮૩મી જન્મજયંતિ હોઈ પ્રા. પ્રશાંતભાઈ રાણાએ ગુજરાતી સાહિત્યકાર તરીકે તેમના કાવ્યને યાદ કરી માતૃભાષા ગુજરાતીના મહત્વને લગતું ખૂબ સુંદર વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા ગુજરાતીમાં ગઝલ, કાવ્યગાન, કાવ્યપઠન, વિવિધ સાહિત્યકારો વિશે વકતવ્ય, વિવિધ બોલીઓ જેવીકે ગામિત, ચૌધરી, ભરવાડ બોલીના સંવાદો, એકપાત્રીય અભિનય, લોકગીત, નાટક, રાસ, ગરબા, સમૂહગીત, લગ્નગીત વગેરે જેવી વૈવિધ્યસભર કૃતિઓ રજૂ થઈ હતી. કાર્યક્રમ અંગેનું માર્ગદર્શન પ્રા. દિનકરભાઈ ટંડેલે આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પંડોર જૈનબબેને તથા આભારવિધિ પટેલ હનીબેને કરી હતી.
- તા. ૮-૯-૧૬ના રોજ વિશ્વ સાક્ષરતા દિવસ નિમિત્તે સાક્ષરતાને લગતું નાટક, એકી સાથે વાંચે કોલેજ, પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને સુવિચાર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે વિશ્વ સાક્ષરતા દિવસ વિશે પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. એકી સાથે વાંચે કોલેજ અંતર્ગત તાલીમાર્થીઓ તથા અધ્યાપકો મળીને ૨૧૫ જેટલા શિક્ષણને લગતા વિવિધ પુસ્તકોનું વાંચન કર્યું હતું. એસ.વાય. બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા સાક્ષરતાને લગતું નાટક રજૂ થયું હતું સાથે યોજાયેલ સાક્ષરતાને લગતી પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા સુવિચારોની સ્પર્ધામાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. ૧૪મી સપ્ટેમ્બર હિન્દી દિવસ હોવાથી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા હિન્દી દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત હિન્દીમાં પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ અધ્યાપકોનું પુસ્તક તથા પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. હિન્દીના અધ્યાપક ડૉ. કનુભાઈ સ્વાગીયાએ હિન્દીનું મહત્વ દર્શાવતું વકતવ્ય હિન્દીભાષામાં રજૂ કર્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા હિન્દીમાં ભજન, સુવિચાર, કબીરજીના દોહા, સાહિત્યકારો વિશે વકતવ્ય, ઉખાણાં, કાવ્ય પઠન, રાષ્ટ્રપિતા ગાંધીજીને આફ્રિકામાં રેલ મુસાફરી દરમિયાન થયેલ અન્યાય દર્શાવતું નાટક વગેરે જેવી વૈવિધ્ય સભર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આભારવિધિ પટેલ ફુલનબેને તથા સંચાલન પંડયા જીનલબેને કરી હતી.
- ૧૫મી ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે સી.એન. કોઠારી હોમીયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર વ્યારા દ્વારા ૭૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં ડૉ. મહાવીર ધીયા, પ્રોફેસર (રીપોર્ટરી ડીપાર્ટમેન્ટ) દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો. આ સાથે જ રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન પણ સામુહિકપણે ગવાયું. આ પર્વને અનુલક્ષીને ડૉ. મહાવીર ધીયા અને સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ દેસાઈએ વકતવ્ય રજુ કર્યું. ડૉ. સ્વપનીલ ખેંગારે આઝાદી વિષે વિચારો રજુ કર્યા. આ ઉજવણીમાં સંસ્થાના દરેક સભ્યો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉજવણીના અંતે મીઠાઈની વહેંચણી કરી સૌ છુટા પડયા. કાર્યક્રમનું સંબોધન ચતુર્થવર્ષના વિદ્યાર્થી મુકેશ જોગલ દ્વારા કરવામાં આવ્યું હતું અને ડૉ. જે.જે. જૈન દ્વારા આભારવિધી કરવામાં આવી. કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રિ. ડૉ. જયોતી રાવના માર્ગદર્શન હેઠળ ડૉ. જે.જે. જૈન અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યું.

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12  Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Babulal Ankuya,** Assistant Librarian
**Published by : Arvind V. Dhaduk, I/c Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com